# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સેશેલ્સના રાષ્ટ્રપતિ સાથે પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે

2) પ્રધાનમંત્રી આજે સવારે પરીક્ષા પે ચર્ચાના બીજા ભાગમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે.

3) ભારત અને કેનેડા રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદા અમલીકરણ મુદ્દાઓ પર સહયોગ માટે સંયુક્ત કાર્ય યોજના વિકસાવવા સંમત

4) જાપાનના પ્રધાનમંત્રી સના તાકાચીના નેતૃત્વ હેઠળના શાસક ગઠબંધનનો સંસદીય ચૂંટણીઓમાં ઐતિહાસિક વિજય

5) એશિયન ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારત પાંચ ચંદ્રક સાથે મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને રહ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI-SEYCHELLES PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની સાથે વાતચીત કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

રાષ્ટ્રપતિ હર્મિની આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. ડૉ. હર્મિની ગઈકાલે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા.

કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. ડૉ. હર્મિની ચેન્નાઈ અને મુંબઈમાં કાર્યક્રમોમાં હાજરી આપ્યા બાદ નવી દિલ્હી પહોંચ્યા હતા.

પ્રસ્તુત છે એક અહેવાલ....

**V/C- ANUPAM MISHRA**

# PARIKSHA PE CHARCHA-2ND EPISODE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે પરીક્ષા પે ચર્ચાના બીજા ભાગમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે.

"પરીક્ષા પે ચર્ચા" ના આ સત્રમાં, પ્રધાનમંત્રી બોર્ડ પરીક્ષાઓની પદ્ધતિ, આત્મવિશ્વાસ કેવી રીતે વધારવો, સકારાત્મક રહેવું અને માનસિક તાણ અને દબાણ જેવા પડકારોને કેવી રીતે દૂર કરવા તે અંગે ઉપયોગી સલાહ આપશે.

પ્રધાનમંત્રીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ એપિસોડમાં તમિલનાડુના કોઈમ્બતુર, છત્તીસગઢના રાયપુર, ગુજરાતના દેવ મોગરા અને આસામના ગુવાહાટીના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરાશે

આ કાર્યક્રમ વિવિધ પ્લેટફોર્મ પરથી સવારે 10 વાગ્યે પ્રસારિત કરવામાં આવશે. તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની યુટ્યુબ ચેનલ, દૂરદર્શન અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવશે. આ કાર્યક્રમ WAVES-OTT, AMAZON PRIME VIDEO, JIO, ZEE5, SONY LIV અને SPOTIFY પર પણ પ્રસારિત કરવામાં આવશે.

કાર્યક્રમનો પહેલો એપિસોડ 6 ફેબ્રુઆરીના રોજ પ્રસારિત થયો હતો, જ્યાં પ્રધાનમંત્રી મોદીએ સહભાગીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

## SHAH-CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જગદલપુરમાં બસ્તર પાંડુમ ઉત્સવના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ઉદ્ઘાટન કરાયેલો આ ઉત્સવ પ્રદેશના સમૃદ્ધ આદિવાસી વારસાની ઉજવણી કરે છે.

આ ઉત્સવ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ પાસેથી

V/C - VIKALP SHUKLA

# NATIONAL SECURITY ADVISOR'S VISIT TO CANADA

ભારત અને કેનેડા રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદા અમલીકરણ મુદ્દાઓ પર સહયોગ માટે સંયુક્ત કાર્ય યોજના વિકસાવવા સંમત થયા છે.

શનિવારે ઓટ્ટાવામાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નથાલી ડ્રોઈન વચ્ચે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વિદેશ મંત્રાલયે ગઈકાલે જણાવ્યું કે બંને દેશો સુરક્ષા અને કાયદા અમલીકરણ સંપર્ક અધિકારીઓની નિમણૂક કરશે અને તેમની સંબંધિત એજન્સીઓ કાર્યકારી સંબંધોને મજબૂત બનાવશે.

બંને પક્ષો સાયબર સુરક્ષા નીતિમાં સહયોગ અને સાયબર સુરક્ષા મુદ્દાઓ પર માહિતીની આપ-લે પર ચર્ચા ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે. શ્રી ડોભાલે શુક્રવારે કેનેડાના સંરક્ષણ મંત્રી ગેરી આનંદસાંગરેને પણ મળ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MAHA-CIVIC-POLLS-COUNTING

મહારાષ્ટ્રમાં 12 જિલ્લા પરિષદ અને 125 પંચાયત સમિતિની ચૂંટણી માટે આજે મતગણતરી થશે. ગણતરી સવારે 10 વાગ્યે શરૂ થશે. જેમાં સાત હજાર 438 ઉમેદવારોના ભાવિનો નિર્ણય થશે.

રાજ્ય ચૂંટણી પંચે આ પ્રક્રિયા માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લીધી છે. 12 જિલ્લા પરિષદ બેઠકો અને 125 પંચાયત સમિતિઓની એક હજાર 462 બેઠકો માટે મતદાન શનિવારે યોજાયું હતું.

# JAPAN-PM-POLL-WIN

જાપાનના પ્રધાનમંત્રી સના તાકાચીના નેતૃત્વ હેઠળના શાસક ગઠબંધને સંસદીય ચૂંટણીઓમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે. પ્રધાનમંત્રી સનાઈ તાકાચીના શાસક પક્ષે સંસદીય ચૂંટણીઓમાં બે તૃતીયાંશથી વધુ બહુમતી મેળવી છે.

શ્રીમતી તાકાચીના લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતૃત્વ હેઠળના ગઠબંધને 465 બેઠકોમાંથી 352 બેઠકો જીતી. જ્યારે LDP એ 316 બેઠકો જીતી છે.

આ વિજય પછી એક મુલાકાતમાં, શ્રીમતી તાકાચીએ કહ્યું કે તેઓ વિપક્ષના સમર્થનથી તેમની નીતિ યોજનાઓને આગળ ધપાવશે. ઓક્ટોબરમાં LDPના નેતા તરીકે ચૂંટાયા બાદ 64 વર્ષીય તાકાચી દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી બન્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીમતી તાકાચીને સંસદીય ચૂંટણીમાં વિજય બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે

બંને દેશો વચ્ચેની ખાસ વ્યૂહાત્મક ભાગીદારી વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે શ્રીમતી તાકાચીના સક્ષમ નેતૃત્વ હેઠળ ભારત અને જાપાન વચ્ચેની મિત્રતા નવી ઊંચાઈએ પહોંચશે

# ASIAN-INDOOR-ATHLETICS

ચીનના તિયાનજિનમાં યોજાયેલી એશિયન ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારત પાંચ ચંદ્રક સાથે મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને રહ્યું છે.

સાંભળીએ એક અહેવાલ..

## V/C- MIRIGNAYNI-SPORTS

# ICC T20

ICC T20 વિશ્વ કપમાં, ગઇકાલે શ્રીલંકાએ આયર્લૅન્ડને 20 રને, ઇંગ્લેન્ડે નેપાળને 4 રને અને ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાનને પાંચ વિકેટથી હરાવ્યું છે.

કોલંબોમાં રમાયેલી મેચમાં ગઈકાલે પહેલા બેટિંગ કરતા શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 163 રન બનાવ્યા. જવાબમાં આયર્લૅન્ડ 19 ઓવર અને પાંચ બોલમાં 143 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું.

મુંબઈમાં રમાયેલી મેચમાં પહેલા બેટિંગ કરતા ઇંગ્લેન્ડે સાત વિકેટે 184 રન બનાવ્યા. જવાબમાં નેપાળ નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે માત્ર 180 રન જ બનાવી શક્યું.

ચેન્નાઈમાં રમાયેલી બીજી મેચમાં, ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાનને પાંચ વિકેટથી હરાવ્યું.

આજે, સ્કોટલેન્ડ સવારે 11 વાગ્યે કોલકાતામાં ઇટાલી સામે રમશે. ઝિમ્બાબ્વે બપોરે 3 વાગ્યે કોલંબોમાં ઓમાન સામે રમશે. દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચેની મેચ સાંજે 7 વાગ્યે અમદાવાદમાં રમાશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાન 2 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે દેશના બાકીના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારો એ ભારત મલેશિયા વચ્ચે થયેલ વેપાર કરારો અને આર એસ એસ શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે વડા મોહન ભાગવતના નિવેદનો પણ પ્રથમ પાને છાપ્યા છે,
- ગુજરાત સમાચાર લખે છે, મલેશિયા-ભારત વચ્ચે સેમિકંડક્ટર, આયુર્વેદ સહિતના ક્ષેત્રે 11 કરારો
- સંદેશ લખે છે, ભારત અને મલેશિયા વચ્ચે સુરક્ષા સહિતના કરારો
- નવગુજરાત સામે લખે છે, ભારત મલેશિયા વચ્ચે રક્ષણ, ઊર્જાથી લઈને ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે 11 કરારો ગુજરાત સમાચાર લખે છે મોદી વૈશ્વિક દબાણ સામી અડગ રહી શકે છે: ભાગવત